Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor: 4.081
Volume-12, Issue-3, December-2018 www.researchguru.net

# ૧૮મી સદીના સુરતનો વેપાર વાણિજ્ય

ડૉ. પી.એસ.પટેલ
એસોસીએટપ્રોફેસર, ઈતિહાસ વિભાગ, એમ.એન.કોલેજ,વિસનગર

- પ્રસ્તાવના:

મોઘલ સામ્રાજયમાં ગુજરાતમાં શાંતિ અને સુવ્યવસ્થા હતી. આ સમય દરમિયાન ગુજરાતમાં વેપાર ઉધોગ અને વાણિજયનો સારો એવો વિકાસ થયો હતો. ઈ.સ. ૧૭૧૯ પછી મુઘલ આંતરકલહને લીધે અને અમીરોની ખટપટના કારણે ગુજરાત અશાંતિનું ભોગ બન્યું અને વેપાર ઉધોગ ક્ષેત્રે ભયંકર નુકસાન થયું. આવા સમયનો લાભ લઈ સુરતનો સૂબો તેગ બેગખાન ઈ.સ.૧૭૩૨માં સ્વતંત્ર થઈ ગયો. બીજી બાજુ ઈ.સ. ૧૭૬૦ થી ઈ.સ. ૧૮૦૧ દરમિયાન ગાયકવાડની સત્તા અને અસર પેશ્વા કરતાં વધારે રહી હતી. ઈ.સ.૧૭૫૯માં સુરતનો કિલ્લો અંગ્રેજોના હાથમાં આવતાં શાહી આર-મારની જવાબદારી તેમને મોગલ ફરમાન દ્વારા મળતાં સુરત ઉપર અગ્રેજોનો સંપૂર્ણ કાબૂ સ્થપાયો.ઈ.સ.૧૮૦૨માં ગાયકવાડે લોર્ડ વેલેસ્લીની સહાયકારી યોજના સ્વીકારી પોતાનું સ્વાતંત્ર્ય ગુમાવ્યું. આમ હકીકતમાં ૧૮મી સદીમાં ગુજરાત રાજકીય અવ્યવસ્થા,અંધાધૂધી અને અરાજકતામાં સપડાતાં વેપાર વાણિજયને સખત ફટકો પડ્યો હતો. રાજકીય અશાંતિ વિદેશી સત્તાઓ કે વેપારીઓની દખલગીરીના કારણે સમગ્ર વિસ્તારની આર્થિક,સામાજિક,વેપાર-વાણિજય વિષયક અનેક પ્રવૃતિઓ પર તેની ગંભીર અસરો થઈ હતી. તે સમજવા માટે ઐતિહાસિક સંદર્ભમાં આ સદીનો અભ્યાસ કરવો ખૂબ મહત્વનો છે.

- **૧૮મી સદીના સુરતનો વેપાર વાણિજ્ય:**

**મોઘલ સમય દરમિયાન દુનિયાના મોટા શહેરોમાં અમદાવાદની ગણના થતી હતી. ૧૮મી સદીમાં વ્યાપેલી ભારે અવ્યવસ્થાથી પ્રગતિ અટકી ગઈ. ગુજરાતની પ્રજા વેપારી પ્રજા તરીકે આખા વિશ્વમાં જાણીતી છે. તેમાં પણ ગુજરાતનાં વાણિયા જાતી બુદ્ધિશાળી ગણી શકાય. આ વાણિયાઓનું કેન્દ્ર સ્થાન તે સમયે અમદાવાદ હતું. પરતું મોઘલ સમય દરમિયાનની અવ્યવસ્થામાં અને મરાઠા સમયમાં તેમનો વેપાર રોજગાર ઓછો થતો ચાલ્યો પરિણામે વેપાર ખંભાતની જગ્યાએ સુરત તરફ ખેંચાવા લાગ્યો. આથી અમદાવાદના મોટા ભાગના વેપારીઓએ સુરતમાં વેપારી પેઢીઓ સ્થાપી. તેથી ખંભાતના બદલે સુરતને અમદાવાદનાં વેપારીઓએ મહત્વનુ બંદર ગણ્યું.**

- **સુરતનો વેપાર :**

**૧૭મી સદીનું સુરતએ મોઘલ સામ્રાજ્યનું સૌથી આબાદ બંદર હતું. મુસ્લિમ હાજીઓ માટે "મક્કાનું મુખબાર"બન્યું હતું. એ સમયે આગળ પડતા જગતના પ્રત્યેક દેશના વેપારીઓ તથા તેમના વહાણ સુરત બંદરે નજરે પડતાં હતાં. અંગ્રેજોએ ઈ.સ. ૧૬૧૧માં સુરત, અમદાવાદ, ખંભાત, ઘોઘા વગેરેમાં વેપાર કરવાનો શાહી પરવાનો**

મેળવ્યો હતો.[૧] ડચો અને ફ્રેંચોએ સુરત,અમદાવાદ,ખંભાત અને સરખેજમાં કોઠીઓ સ્થાપી હતી.પોર્ટુગીઝો પણ સુરતમાં વેપાર માટે રસ લેવા જોડાયા. આમ બધી વિદેશી કંપનીઓ વચ્ચે પરસ્પર સ્પર્ધા થવા લાગી પરિણામે સુરત વેપાર માટેનું આંતરરાષ્ટ્રીય વેપાર અને પ્રવાસનું કેન્દ્ર બન્યું હતું.

સુરતના વહાણો દક્ષિણમાં કાંકણ, મલાબર, લંકા, પશ્ચિમે અરબસ્તાન, આફ્રિકા અને ઈરાનના અખાતના બંદરોએ તથા પૂર્વે બંગાળ, પેગુ, સુમાત્રા, જાવા અને ચીન સુધી અવરજવર કરતાં હતાં. સુરતથી ૧૨ માઈલ દૂર સુંવાળી ગામે મોટા વહાણ લંગર નાખતાં અને ત્યાંથી માલ ઉતારી ગાડાંમાં કે મછવામાં ભરી સુરત લાવવામાં આવતો હતો. સુરતના ઘણા હિન્દુ વેપારીઓ જાવા અને સુમાત્રામાં રહેતા હતા. તેમના માટે ત્યાં અલગ જુદો વિસ્તાર હતો. વેપારના કારણે વહાણ બાંધવાનો એક મોટો ઉદ્યોગ સુરતમાં વિકસ્યો હતો. ગમે તેટલા વજનના વહાણના પૂરા જોખમના દરિયાઈ વીમા ઉતારનાર કંપનીઓ સુરતમાં હતી. અને માલ ભરેલા વહાણોના બારોબાર સોદા કરનાર પ્રતિષ્ઠિત દલાલો પણ હતા.

શિવાજીએ સુરતને ઈ.સ.૧૬૬૪ અને ઈ.સ.૧૬૭૦માં લૂંટ્યુ હતું. ઈ.સ.૧૭૦૦માં સુરતના સુબાના ત્રાસને કારણે ડચ અને ફિરંગીઓએ તેમની વેપારી કોઠીઓ બંધ કરી હતી. ઈ.સ.૧૭૦૬ થી ૧૭૧૬ દરમિયાન દક્ષિણ ગુજરાત ઉપરના મરાઠાઓના હુમલાને કારણે સુરતનો ખાનદેશ સાથેનો વેપાર ભયમાં મુક્યો. સુરતથી બુરહાનપુર જતી વણઝારો પાસેથી મરાઠાઓએ કર ઉઘરાવતાં સુરતનું બારું ભયમાં મુકાયું. આવા ત્રાસના પરિણામે સુરતના સુબા હૈદ્રકુલીખાને ફરૂખશિયર બાદશાહના ફરમાનથી ઈ.સ.૧૭૧૬માં “આલમપનાહ” તરીકે જાણીતી દિવાલ સુરત ફરતે બંધાવી.[૨] ઈ.સ.૧૭૧૨થી ચાર વર્ષ સુધી અંગ્રેજોની કોઠી સુરતના હાકેમના ત્રાસને કારણે બંધ રહી હતી. ઈ.સ. ૧૭૧૬થી બાદશાહી ફરમાન દ્વારા સુરતમાં કોઠી અને લાતી બંને શરૂ કર્યા. ઈ.સ.૧૭૧૯માં ફ્રેંચોએ સુરતમાંથી વિદાય લીધી હતી. ઈ.સ. ૧૭૦૯માં ડચોને વેપારની પરવાનગી મળી હતી. ડચોએ ઈતબારખાનની હવેલીનો કોઠી તરીકે ઉપયોગ કર્યો હતો. પરંતુ પાછળથી ઈ.સ.૧૭૨૯માં નદી ઉપર જહાંગીર બંદર ઉપર મકાન બાંધ્યું હતું. તેઓ જાવા,સુમાત્રા વગેરે ટાપુઓમાંથી તેજાના આયાત કરતા હતા. ઈ.સ.૧૭૪૦ સુધી તેમનો વેપાર ટક્યો હતો. ઈ.સ. ૧૭૫૮ પછી અંગ્રેજોએ સુરત જીતી લીધું અને ઈ.સ. ૧૭૫૯માં અંગ્રેજોએ મોઘલ આરમાનના વડા થયા હતા.

- સુરતમાં જહાજવાડા ઉદ્યોગ:

સુરતમાં જહાજવાડામાં ૧૨૦૦ ટન સુધીના વહાણો બાંધતા હતાં. ઈ.સ.૧૭૩૫માં સુરતના પ્રખ્યાત વડીયા લવજીભાઈ મુંબઈ ગયા અને ઈ.સ. ૧૭૫૪માં તેમણે મુંબઈમાં વહાણો માટે રૂપિયા ૧૨૦૦ ટન ના ખર્ચે સૂકી ગોદી બંધાવી હતી.નવાબીના છેલ્લા દિવસોમાં ઈ.સ. ૧૭૫૯ પછી સુરતના ધનાઢ્ય વેપારી ધનજી શાહનો મુંબઈ અને ચીન સાથે ઘણો વેપાર થતો હતો તે અનેક વહાણોના માલિક હતો. સુરતમાં અનેક હિન્દુ,

મુસ્લમાન અને પારસી વેપારીઓ ખુબ સમૃદ્ધ હતાં. તેમનો ભારતના અન્ય પ્રદેશો તથા મધ્યપૂર્વના દેશો , પૂર્વ આફ્રિકા અને ચીન સાથે ધીકતો વેપાર ચાલતો હતો.

ઈ.સ.૧૭૬૦-૧૭૮૫ના વર્ષો દરમિયાન સુરતના વેપારમાં ખુબ વધારો થયો હતો. ઈ.સ.૧૭૭૨માં ભારતમાં સૌથી મોટા વેપારી કેન્દ્ર તરીકે સુરતની ખ્યાતી હતી. ચીન સાથે રૂનો વેપાર અનેક ઘણો વધી ગયો હતો. સુરતમાં આ સમયે નગદીની આયાત ચાલુ હતી. વેનિશ, જર્મની અને તુર્કસ્તાનથી સિક્કાઓ આવતા, ઈરાનથી રૂપાના સિક્કાઓ આવતા હતાં. ઈ.સ.૧૭૬૫માં ઈસ્ટ ઈન્ડીયા કંપનીએ સોનાના સિક્કાઓ બહાર પાડ્યા હતા. ઈ.સ. ૧૭૫૯ થી ૧૭૭૯ સુધીમાં સુરતની વસ્તી વધી ગયાં હતાં. સુરતમાં લક્ષ્મીની છોળો ઊડતી હતી. શહેરના બજારોમાં રેલમછેલ હતી. આ વેપારમાં દેશ-વેદેશની પચરંગી પ્રજા રોકાયેલી હતી. પરંતુ ઈ.સ. ૧૭૮૨માં ભયંકર વાવાઝોડું થવાથી અને દુષ્કાળ પડવાથી ઈરાન અને અરબસ્તાન સાથેનો વેપાર બંધ થતાં સુરતનો વેપાર ભાંગી પડ્યો હતો. બીજી બાજુ સુરતનો કાપડ ઉધોગ મૃત:પ્રાય થઈ ગયો.[૩]

૧૮મી સદીમાં અંગ્રેજો,પોર્ટુગીઝો અને વલંદાઓ સુરતમાં દરિયા માર્ગે પરવાળાં,અંબર,કાચના મણકા,લોખંડના તાર,પિત્તળના પત્તરાં,આરસી અને રમકડાંની આયાત કરતાં તાંબુ,રેશમ,ચા,ખાંડ,બિલોરી કાચનો સામાન અને તેજાના બંગાળ અને ચીનથી આવતાં હતાં. પોર્ટુગીઝો આફ્રીકાથી હાથીદાંત અને અરબસ્તાન અને ઈરાનથી ચાંદી, ખજૂર અને કોફી આયાત કરતા હતાં. જયારે સુરતમાંથી અરબસ્તાન અને ઈરાનમાં રેશમી તથા સુતરાઉ કાપડ, મદ્રાસ અને બંગાળ અને ચીનમાં રૂ, કાપડ, કાશ્મીરી શાલ અને મસાલાની નિકાસ થતી હતી. ભારતમાં તાર કસબનો હુન્નર ખાસ કરીને ગુજરાત તથા તેની આસપાસના પ્રદેશોમાં વિકાસ પામેલો હતો. ધોરાજી, બુરહાનપુર તથા સુરતમાં કસબ બનતો આ કસબએ "સુરતના કસબ "ના નામે પ્રખ્યાત હતો. આમ ઈ.સ. ૧૭૯૭-૧૭૯૮માં સુરતથી રાતાસમુદ્ર અને ઈરાની અખાતના બંદરોએ રૂપિયા ૫,૯૧.૩૮૦ના માલનો નિકાસ થયો હતો.

- નાણાંવટુ અને શરાફી પેઢીઓ:

સુરત એક વખત સમગ્ર એશિયામાં નાણાંનું મોટું કેન્દ્ર હતું. સુરતમાં એક સમયે સો કોટી ધ્વજ ફરકતા હતા, એમ કહેવાતું કે,સુરતના વેપારીઓના આડતિયા એશિયાના દરેક મોટા શહેરોમાં જોવા મળતા હતા. યુરોપમાં છેક ઈસતુંબલ (કોન્સટેન્ટિનોપલ) સુધી પણ જોવા મળતા હતા. મોઘલ અને મરાઠાના લશ્કરોને ઘણા શરાફો ધીરધાર કરતાં હોવાથી દરબારમાં એમની મોટી લાગવગ હતી. પરિણામે તેઓ પોતાનો અંગત લાભ ઉઠાવતા અને ઘણી વખત નાત,જાત કે ધર્મ અને મહાજનને પણ લાભ કરાવી શકતા. આફત સમયે મદદ કરતાં શરાફી પેઢીઓ અનેક જાતનાં કાર્યો કરતી. શરાફો ભારતીય ઉપખંડના વિવિધ ભાગોમાં હૂંડીની સગવડો પૂરી પાડતાં હતા.[૪]અને પોતાના ગ્રાહકોની થાપણો કેટલેક અંશે સ્વીકારતા હતા. આમ વેપારી અને શરાફી કાર્યો એકબીજાના પૂરક હતાં.

આ સરાફો પણ કેટલીકવાર વેપારી તરીકે કાર્ય કરતા હતાં. તેમાં આગળ પડતાં વેપારી વીરજી વોરા (ઈ.સ.૧૫૮૫ થી ૧૬૭૦) તેમણે શરાફી અને વેપારી કાર્યો હાથ ધર્યા હતાં. તેમજ ૧૮મી સદીના ઉતરાર્ધમાં કેશવચન્દ્ર,જીવન જુઠા અને ત્રિકમદાસ ખુશાલચંદ વગેરે આગળ પડતાં સુરતના શરાફો હતાં. બનારસથી સુરત આવી વસેલા નાગર બ્રાહ્મણ અર્જુનજી નાથજી ત્રવાડી સમગ્ર ભારતભરમાં ખ્યાતિ પામ્યા હતાં. વધુમાં તે સમયે રોકડ નાણાંની આપલે ભાગ્યે જ થતી બધો જ વ્યવહાર હૂંડીથી જ ચાલતો હતો.

➢ સુરતનું વહાણવટું :

મરાઠા સમયમાં સ્થાનિક વેપારીઓને પોતાનો માલ ઈરાનના અખાત કે અરબસ્તાનના કોઈ પણ બંદરે મોકલવો હોય તો તે અંગ્રેજોના જ વહાનોમાં મોકલી શકતો હતો. સુરતના નૌકા કાફલાના વડાની ફરજ આ વેપાર માટે વહાણો પૂરા પાડવાની હતી. આ નૂરના (ભાડા) નફામાંથી સુરતના કોઠીના પ્રમુખનો પગાર નીકળતો હતો. આ ઈજારના કારણે એમને ૬% (ટકા) જેટલો નફો થતો હતો. ઈ.સ.૧૭૯૬માં વેપારમાંથી આ ઈજારો રદ કરવામાં આવ્યો ત્યારે ૨ % (ટકા)નો ખાસ દર નાખવામાં આવ્યો હતો.[૫] અંગ્રેજોએ, ડચો અને પોર્ટુગીઝોના માલ પર ૨$\frac{૧}{૨}$ % (ટકા) જકાત લેવાતી હતી. આ ઈજારો રદ થયો ત્યારે ઈરાની અખાત અને રાતા સમુદ્રના દેશો સાથેના વેપારમાં સુરતના નવાબનું એક, અંગ્રેજોના છ અને આરબ વેપારીના દશ વહાણો રોકાયેલા હતાં. ભારતીય વહાણો મુખ્યત્વે કાંઠાનો વેપાર ખેડતાં અને થોડાક ઈરાની અખાત અને રાતા સમુદ્રના દેશો સાથે વેપારમાં રોકાયેલા હતાં. મોઘળોના સમયમાં તેમજ મરાઠા સમયમાં મક્કાની હજ માટેના જહાજી વહાણનો વ્યવહાર ભારતીય વહાણવટીઓ
ના હાથમાં હતો.

➢ ઉપસંહાર:

અંગ્રેજો અને ડચોના કારણે આફ્રિકા અને એશિયાના દેશો સાથે સ્વતંત્ર્ય રીતે વેપાર કરવાના હક્ક ઉપર તરાપ મરાઈ હતી.અંગ્રેજોને એશિયાના લોકોના જેટલો જ વેપાર કરવાના હક્ક મળ્યા હતા. આ રીતે સમુદ્ર ઉપરની સર્વોપરિતાને કારણે પૂર્વના વેપારીઓની એક પછી એક શાખાઓ વિદેશીઓના હાથમાં ચાલી ગઈ. ભારતીય વેપારીઓએ તેમનો માલ અંગ્રેજો અને ડચોનાવહાણો માં મોક્લવાની ફરજ પડવાથી ગુજરાતનું વહાણવટું નાશ પામ્યું હતું. અને દેશી વેપારીઓને ભાગે માલ લેવાનું અને ખરીદવાનું આવ્યું હતું. મોઘલો જમીન પર સત્તાધારી હતા, તેમણે દરિયાઈ શક્તિ પ્રાપ્ત કરી હોત તો ભારત પરાધીન ન બન્યું હોત. સુરતના સુબાને સુરતના બંદરના રક્ષણ માટે અંગ્રેજો અને ડચોની યાચના કરવી ન પડત. ઈ.સ. ૧૭૫૮ થી ૧૮૧૮ દરમિયાન મરાઠાઓની મુલ્કગીરીની ચઢાઈઓને કારણે તથા અવાર-નવાર પડતાં દુષ્કાળોના લીધે ગુજરાતમાં વેપાર-વાણિજ્ય અને ઉધોગ-ધંધા ઉપર તેની ગાઢ અસર પડી હતી. પરિણામે કેટલાક સાહસિકોએ પૂર્વ આફ્રિકા,અરબસ્તાન વગેરે દેશોમાં પરદેશગમન કર્યું. મરાઠી સત્તાના અંત સમયે ગુજરાતનો વેપાર-ઉધોગોનો નાશ પામ્યા.તેમજ સુરતનું ધીકતું બંદર

સમૃદ્ધિ હીન બન્યું. "સોનાની સુરત તાંબાની મૂરત બની ગઈ" ગુજરાતની સમૃદ્ધિ માટે આ સમય કાલરાત્રી જેવો પુરવાર થયો.[૬]

- પદનોંધ:


૧. પરીખ આર.સી. અને શાસ્ત્રી હરિપ્રસાદ જી., "ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ"

ગ્રંથ-૬, ભો.જે. વિદ્યાભવન અમદાવાદ,૧૯૭૯,પૃ-૨૬૭

૨. પરીખ આર.સી. અને શાસ્ત્રી હરિપ્રસાદ જી., "ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ"

ગ્રંથ-૭, ભો.જે. વિદ્યાભવન અમદાવાદ,૧૯૮૨,પૃ-૨૩૯

૩. નર્મદાશંકર,"ગુજરાત સર્વસંગ્રહ"સુરત,૧૯૬૦-પૃ-૧૧૭

૪. રાજગોર શિવપ્રસાદ,"ગુજરાતનો વહાણવટાનો ઈતિહાસ",પૃ.-૧૫૮

૫. જોટે રત્નમણીરાવ, "ગુજરાતનું વહાણવટું", ભો.જે. વિદ્યાભવન અમદાવાદ,૧૯૬૪,પૃ-૧૨૩

૬. દેસાઈ ઈશ્વરભાઈ ઈ., "સુરત સોનાની મૂરત",સુરત,૧૯૫૮,પૃ-૧૨૭